આ સંસ્થાનું પ્રકાશપર્વ એટલે પશુપાલકોનો આત્મસંતોષ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૦૫ | નવેમ્બર - ૨૦૨૧ www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## છ લાખ પશુપાલકોને દૂધનો સારો ભાવવધારો આપી એમના ચહેરાપર આત્મસંતોષ જોઈશું ત્યારે અમે સાચી દિપાવલી મનાવીશું

## એક મુલાકાત : સાગરના સુકાની ... અશોકચૌધરી સાથે



(મુલાકાત : દૂધસાગર પત્રિકા)

અમદાવાદ - ઉંઝા અથવા ચાણસ્મા બાજુથી આવતા ઉત્તર ગુજરાતના છ લાખ પશુપાલકોની યશગાથા ગાતી દૂધસાગર ડેરીની ગગનચૂંબી ઈમારતો - પ્લાન્ટ - મશીનરી દૂર-દૂરથી દેખાય એટલે મહેસાણા પહોંચ્યાની પ્રતિતિ થાય !

સંવત ૨૦૭૮ ના નૂતનવર્ષની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે ગ્રામીણ ભારત માટે ઉત્સાહ, ઉમંગ અને આવનાર ભવિષ્યને નવેસરથી જોવાનું અને માણવાનું પર્વ એટલે દિપાવલી અને ત્યારબાદ નવા વર્ષની શરુઆત ... દિપાવલીના આ દિવસોમાં છ લાખ પશુપાલકોનું પ્રતિનિધિત્વ કરતી “દૂધસાગર પત્રિકા” ની ટીમે આ સંસ્થા જેના નેતૃત્વ હેઠળ નવા ભવિષ્યના નિર્માણમાં કાર્યરત બની છે તેવા આ દૂધસંઘના વડા શ્રી.અશોકભાઈ ચૌધરી સાથે પશુપાલકો વતીથી વાર્તાલાપ કરવા પહોંચી અને શરૂ થયો પશુપાલકો વતીથી અમારા સવાલનો અને સંસ્થા વતીથી ચેરમેન શ્રી. ના જવાબોનો સિલસિલો ...

**દૂધસાગર પત્રિકા :** સાહેબશ્રી, ૧૫ જાન્યુઆરીથી આ ડેરીના વહિવટના સૂત્રો સંભાળ્યા બાદ આજે આ સંસ્થાની વર્તમાન સ્થિતિ વિશે કંઈક વાતચીત કરો?

**ચેરમેનશ્રી :** મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સાથે જોડાયેલા અઢી જિલ્લાના ભૂભાગમાં પથરાયેલા છ લાખ પશુપાલકો જાણે છે કે અમે કેવી પરિસ્થિતિમાં આ ડેરીનો વહિવટ સંભાળ્યો છે. એક તરફ ડેરીના માથે ચડી ગયેલું દેવું ઉતારવાનું છે, બીજી તરફ દશ વર્ષથી અન્યાયનો ભોગ બનેલા લાખો પશુપાલકોને પોષણક્ષમ દૂધના ભાવો આપવાના છે,

**દૂધસાગરની મશીનરી અને ફેક્ટરી વિભાગના મહેસાણા ડેરીના મકાનો આશરે ૬૦ વર્ષ જુના છે તેને અપગ્રેડ કરવા પડશે તથા આધુનિક ટેક્નોલોજી સાથેની મશીનરી અપનાવી હરીફાઈમાં ઉભું રહેવું પડશે**

દૂધસાગરની મશીનરી અને ફેક્ટરી વિભાગના મહેસાણા ડેરીના મકાનો આશરે ૬૦ વર્ષ જુના છે તેને અપગ્રેડ કરવા પડશે તથા આધુનિક ટેક્નોલોજી સાથેની મશીનરી અપનાવી હરીફાઈમાં ઉભું રહેવું પડશે તથા દૂધની આવકમાં સતત વધારો થાય અને દૂધસાગરનું આર્થિક ટર્ન ઓવર વધે તે દિશામાં પણ સતત પ્રયત્નશીલ રહેવું પડશે. હું અને મારા નિયામક મંડળના તમામ સાથીદારો આ બાબતે ગંભીર છીએ હાલ તો, કરકસરને અમે ત્રીજો ભાઈ બનાવ્યો છે અને પારદર્શીતાનું વચન પાળી રહ્યા છીએ. ડેરીની તમામ ખરીદીઓ અત્યારે ઓનલાઈન ટેન્ડર પધ્ધતિથી અવળી હરાજી કરી નીચામાં નીચા ભાવથી યોગ્ય ગુણવત્તા વાળી ખરીદી થવાને કારણે વહિવટીય ખર્ચ નીચો લાવવામાં અમને સફળતા પ્રાપ્ત થઈ રહી છે. ઉંચા પગારદાર અને બિનજરૂરી અધિકારીઓના રાજીનામાં લેવાથી પણ ડેરીને ઘણો ફાયદો કરાવી શક્યા છીએ તો બીજી તરફ બનાસ ડેરીના સમકક્ષ દૂધના ભાવ કરવાને પરિણામે ગત વર્ષ કરતાં દૈનિક દૂધમાં સરેરાશ ૪.૫૦ લાખ લિટર દૂધની આવકમાં વધારો કરી શક્યા છીએ. જે આ વર્ષે દૈનિક ૮ લાખ લિટર પહોંચી જવાની અપેક્ષા છે. આમ, અત્યારે તો અનેક મોરચે યુધ્ધ ચાલી રહ્યું છે પરંતુ, મને વિશ્વાસ છે કે વહિવટની આ નિતી-રીતી થી અમે ટૂંક સમયમાં દૂધ સાગરને સમૃધ્ધિ તરફ આગળ લઈ જઈશું. અમે આમ પણ પશુપાલકો સાથે વચનબધ્ધ છીએ કે પાંચ વર્ષમાં દૂધની આવક ૫૦ લાખ લિટર અને ડેરીનું વાર્ષિક ટર્ન ઓવર ૧૨ હજાર કરોડ સુધી લઈ જઈશું. આ દિશામાં સતત ના ધોરણે મહેનત કરી રહ્યા છીએ.

**દૂધસાગર પત્રિકા :** ચેરમેનશ્રી, છેલ્લા ૨ વર્ષથી સમગ્ર વિશ્વ કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે અને કોવિડ લક્ષી આર્થિક મંદીનો પણ... આવા સંજોગોમાં દૂધસાગરનું આર્થિક અને સામાજિક પ્રદાન કેવું રહ્યું?

**ચેરમેનશ્રી :** પરિવર્તન પેનલ સાથે મેં દૂધસાગરનો વહિવટ સંભાળ્યો તે અગાઉથી જ કોરોનાએ વિશ્વને બાનમાં લીધુ હતું. પરંતુ, આવા વિકટ સંજોગામાં પણ ... ભારત અને ગુજરાત સરકારનો અભિગમ કમસે કમ ગુજરાતના દૂધના સહકારી ક્ષેત્રમાં ઘણો કામમાં આવ્યો છે. લોક ડાઉનના સમય દરમ્યાન દૂધસાગર સાથે ગુજરાતના તમામે તમામ દૂધસંઘોએ એક પણ દિવસ દૂધ લેવાનું બંધ નથી કર્યું પરિણામ સ્વરૂપ, ગુજરાતના ગામડાઓનું અર્થતંત્ર ધબકતું રાખવામાં આપણે શતપ્રતિશત સફળ રહ્યા છીએ. આવા સંજોગોમાં પણ આપણે પશુપાલકોને નિયત સમયે દૂધના પૈસા ચુકવ્યા છે. હા, આ દિવસોમાં મોટા મોટા સમારંભો-લગ્નો અને મેળાવડાઓ બંધ રહેવાને કારણે આપણી પાસે સ્કીમડ મિલ્ક પાવડર (એસએમપી) નો ભારે સંગ્રહ થઈ જવા પામ્યો હતો જે આપણા માટે ચિંતાનું કારણ બન્યો હતો પરંતુ તે સમયે ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના દૂધ ઉત્પાદકોના હિતને ધ્યાનમાં લેતા સ્કીમડ મિલ્ક પાવડર ઉપર પચાસ રૂપિયા પ્રતિ કિલોગ્રામની સહાય આપવાના નિર્ણયથી આપણે વૈશ્વિક હરીફાઈમાં ટકી રહેવામાં સફળ રહ્યા છીએ. અને, ગુજરાતની એ વખતની વિજયભાઈ રૂપાણીની

સંવેદનશીલ સરકારના આ નિર્ણયને પરિણામે આપણે મુસીબતના સમયમાં પણ માર્ગ મેળવી શક્યા છીએ અને એ માટે હું ગુજરાત સરકારનો મારા દૂધ સંઘના છ લાખ પશુપાલકો વતીથી આભાર માનું છું.

કોરોના કાળમાં દૂધસાગર ડેરીએ પોતાની સામાજિક જવાબદારી નિભાવવામાં પણ પાછી પાની નથી કરી. મહેસાણાની સાંઈક્રિષ્ણા હોસ્પિટલ ખાતે સ્થાપવામાં આવેલ "ઓક્સિજન પ્લાન્ટ" હોય કે, એક સાથે દૂધસાગરની ૧૩૫૦ દૂધમંડળીઓ ઉપર "ઉકાળા વિતરણ" હોય. આપણે સરકારના રસીકરણ અભિયાનમાં પણ ભારે મદદરૂપ બન્યા છીએ. દૂધમંડળીઓના તમામ મકાનો અને કર્મચારીઓ આ અભિયાનમાં ખડેપગે ઉભા રહ્યા છે પરિણામ સ્વરૂપ આવા સહયોગને કારણે જ ભારત સરકારને ૧૦૦ કરોડ લોકોને ટૂંક સમયમાં રસીકરણ આપવામાં સફળતા મળી છે જેને હું અભિનંદન આપું છું. આપણા પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસને "નમોત્સવ" ના રૂપમાં મનાવી દૂધ સાગર પરિવારે ૧,૫૧,૦૦૦ વૃક્ષો વાવીને એક અર્થમાં કોરોના સામેની માનવજાતની લડાઈને વધુ મજબૂત બનાવી છે. આજે પણ દૂધસાગરના તમામ એકમો ઉપર સરકારી ગાઈડ લાઈનનું સંપૂર્ણ પાલન કરવામાં અને કરાવવામાં આવે છે.આમ, દૂધસાગર સદા માટે સમાજ લક્ષી અભિગમને સાથે લઈને જ ચાલી રહી છે.

**દૂધસાગર પત્રિકા :** સાહેબશ્રી, આ દિપાવલી અને આવનાર દિપાવલી વચ્ચે આપ દૂધસાગરને ક્યાં જોઈ રહ્યા છો ?

**ચેરમેનશ્રી :** (હસતાં-હસતાં) છેલ્લા એક દશકથી પશુપાલકોની ભારે અવગણના બાદ લોકોએ અમારા વિશ્વાસ મૂક્યો છે. તેમની અપેક્ષાઓ હું સમજી શકું છું. મારા અને મારી

**હા... હું મારા છ લાખ પશુપાલકોને વિશ્વાસ આપું છું કે ; આવતા વર્ષનો દૂધનો ભાવ વધારો ઐતિહાસિક હશે-જેનો આપને અને મને બન્નેને પૂર્ણ સંતોષ હશે (અશોક ચૌધરી)**

ટીમ ઉપર મૂકેલ અતિવિશ્વાસનું વજન અનુભવી શકું છું. આવડી મોટી સંસ્થા ને એક વર્ષના ત્રાજવે તોલી દેવી એ અશક્ય છે. પણ, હા... હું મારા છ લાખ પશુપાલકોને વિશ્વાસ આપું છું કે ; આવતા વર્ષનો દૂધનો ભાવ વધારો ઐતિહાસિક હશે-જેનો આપને અને મને બન્નેને પૂર્ણ સંતોષ હશે. બીજું, ઘણા બધા બંધનો માંથી આવતી દિવાળીએ આ ડેરી મુક્ત હશે - અત્યારે તો, આટલું જ કહી શકું !

**દૂધસાગર પત્રિકા :** દૂધસાગર ડેરીના વહિવટના આ થોડાક મહિનાના અનુભવ વિશે કંઈક કહો સાહેબ?

**ચેરમેનશ્રી :** શુ કહું ? હા ... એટલું શિખવા મળ્યું છે કે "સહકારી ક્ષેત્રમાં સૌથી મોટા બે પાપ છે : (૧) વગર વિચાર્યે કોઈપણ કાર્ય કરવું અને (૨) કોઈ કાર્ય જ ન કરવું " આ દિવસો દરમ્યાન હ્રદયના સાફ એવા લાખો પશુપાલકોનો જીવન પર્યંત ના ભૂલી શકાય તેવો પ્રેમ મળ્યો છે. લોકોએ ગામે-ગામ મારું અદભૂત સ્વાગત કર્યું છે. હું એમના પ્રેમ સભર આમંત્રણ સ્વીકારતો હતો કારણ માત્ર એટલું જ હતું કે ; હું એમના ગામમાં જઈ - એમની જ માટીમાં બેસી એમની સમસ્યાઓ જાણવા માગતો હતો અને આજે હું વિશ્વાસ સાથે કહું છું કે જ્યાં ગયો છું ત્યાંની સમસ્યાને જાણ્યો છું. આવનાર ભવિષ્યમાં મારા કાર્યોમાં તેનું પ્રતિબિંબ જોવા મળશે એની હું ખાત્રી આપું છું. બાકી, પશુપાલકોનો મારા અને મારા નિયામક મંડળ પ્રત્યેનો પ્રેમ એ "જીવન ભાથું " છે. આ પ્રેમ થકી આજે તો જીવન ધન્ય બની ગયું છે !!

**દૂધસાગર પત્રિકા :** નૂતન વર્ષ અને દિપાવલીના આ પ્રકાશપર્વ નિમિત્તે આપ સાહેબ પશુપાલકોને શું શુભકામનાઓ આપવા માગશો ?

**ચેરમેન શ્રી :** આપણો દૂધ સંઘ એ "અત્યારે છ લાખ પશુપાલકો દ્વારા-છ લાખ પશુપાલકો ના હિત માટે કાર્યરત છે " હું અને મારા નિયામક મંડળના તમામ સાથીઓ આપના વિશ્વાસના તાંતણે બંધાયેલા સેવકો છીએ. સૌ પશુપાલકોના જીવનમાં સુખ-શાંતિ- સમૃધ્ધિ-તંદુરસ્તી બની રહે અને નૂતન વર્ષના આપણા સહિયારાં સપનાં સાકાર કરવામાં ઈશ્વરની મદદ મળી રહે એજ...શુભકામનાઓ.

# નવરાત્રીના પાવન પર્વમાં

## VISION DUDHSAGAR નો મંગલ પ્રારંભ

## વિસનગર તાલુકાના દેણપ ગામની દૂધમંડળી સંચાલિત અમૂલ પાર્લર અને સહયોગ મીઠાઈ શો-રૂમની શરૂઆત






## દૂધસાગરનું વહિવટીય તંત્ર ગ્રામીણ દૂધ મંડળીઓને વધુ આત્મનિર્ભર અને સક્ષમ બનાવવાના પક્ષમાં

(અહેવાલ દૂધ સાગર પત્રિકા)

અગાઉ ગત મહિને દૂધસાગર ડેરીના MD શ્રી. ધિરજકુમાર સહિત ડેરીના ઉચ્ચ અધિકારીઓએ દૂધના ટેન્કરોમાં બેસી ગામડાઓની મંડળીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમ્યાન આ અધિકારીઓએ પોતાના રીપોર્ટ તૈયાર કરી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી સહિત નિયામક મંડળ સમક્ષ રજૂ કર્યો હતો. આ રીપોર્ટ અનુસાર ગામડાની દૂધ મંડળીઓ તથા તેમના સભાસદોને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવા દૂધસાગરની વિવિધ બનાવટોનું વેચાણ કરવાનો પ્રથમ અધિકાર સ્થાનિક દૂધ મંડળીઓને આપવામાં આવે તેવો અભિપ્રાય રજૂ કરવામાં આવ્યો હતો.

આ અનુસંધાને ચેરમેનશ્રી સહિત સમગ્ર નિયામક મંડળે અમૂલ સહિત દૂધસાગરની સહયોગ બનાવટની ચીજ વસ્તુઓ સ્થાનિક મંડળીઓની રેખદેખ નીચે વેચાય તેનો નિર્ણય લેતાં આજે વિસનગર તાલુકાના દેણપ ગામની દૂધ મંડળીમાં "અમૂલ પાર્લર" અને "સહયોગ મીઠાઈ શો-રૂમ"નું રીબીન કાપીને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ તથા દિલીપભાઈ ચૌધરીએ શુભારંભ કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે; અમૂલ અને સહયોગ માટે હવે સ્થાનિક દૂધ મંડળીને પ્રથમ પસંદગી અપાતાં - અમૂલ દૂધ, છાસ, આઈસ્ક્રીમ, શ્રીખંડ, પનીર, દહીં, ચોકલેટ સાથે સહયોગ બ્રાન્ડની તમામ મીઠાઈઓ : મોહનથાળ, ટોપરાપાક, કાલાજામ, કાજુકતરી સહિત તમામ મિઠાઈઓ અને ફરસાણ ગામડાંઓની સ્થાનિક દૂધ મંડળીઓ ઉપર ઉપલબ્ધ રહેવાની સંભાવનાઓ પેદા થવા પામી છે. નિયમીતપણે દૂધની ગાડીઓની અવર જવર સ્થાનિક દૂધ મંડળીઓ ખાતે રહેતી હોવાથી હવે ગામડાંના રહિશોને શુધ્ધ અને સ્વાદ, સુગંધથી ભરપૂર આરોગ્યપ્રદ આઈટમ ઘર આંગણે જ મળી રહેશે અને દૂધસાગર સાથે સંકળાયેલી વિવિધ ગામડાંઓની દૂધ મંડળીઓ અમૂલ અને સહયોગ બ્રાન્ડના વેચાણ થકી આર્થિક રીતે સક્ષમ બનશે જેનો સીધો ફાયદો ગામડાંના સભાસદ પશુપાલકો મેળવશે.

## જગુદણ તાલીમ કેન્દ્રના બિજદાન કર્મચારીની ૫૧ મી બેચને પ્રથમવાર શાસકો દ્વારા પ્રમાણપત્ર એનાયત થયા



પશુપાલકોના સંતાનોને રોજગારી તેમજ ગામડાના પશુપાલકોને અભ્યાસુ બિજદાન કરનાર કર્મચારી સરળતાથી મળી શકે તે માટે દૂધસાગર ડેરી દ્વારા મામુલી રકમમાં સ્થાનિક દૂધ મંડળીઓના સહયોગથી બિજદાન કર્મચારી નું તાલીમ કેન્દ્ર ચલાવવામાં આવે છે. આશરે 3 માસ ચાલનારી આ ટ્રેઈનીંગ દરમ્યાન વિદ્યાર્થીઓને રહેવા જમવા સહિતની તમામ સુવિધાઓ માત્ર રૂા.૫૦૦૦ જેટલી રકમમાં આપવામાં આવતી હોવાથી અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ પણ જગુદણ તાલીમ કેન્દ્રથી આકર્ષાયા છે. તાજેતરમાં આ તાલીમ કેન્દ્રની ૫૧ મી બેચને સંસ્થાના ચેરમેનશ્રી, MD અને ડૉક્ટરોની હાજરીમાં પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેનાથી તાલીમાર્થીઓનું મનોબળ વધવા પામ્યું હતું.

## મહેસાણા જિલ્લા કલેક્ટર શ્રી.ઉદીત અગ્રવાલ ઉચ્ચ અધિકારીઓ સાથે દૂધસાગર ડેરીની મુલાકાતે



(અહેવાલ અને ફોટો : દુધસાગર પત્રિકા)

ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈ મોદીના New India vision અંગે મહેસાણા જિલ્લો અને મહેસાણા જિલ્લાની ઓળખ સમાન દૂધસાગર ડેરી પ્રધાનમંત્રીજીના આ સ્વપ્નને સાકાર કરવામાં શું ભૂમિકા ભજવી શકે તે અંગે ચર્ચા વિચારણા અને એ દિશામાં આગળ વધવાના ધ્યેય સાથે તાજેતરમાં મહેસાણા જિલ્લાના કલેક્ટર શ્રી. ઉદિત અગ્રવાલ અને મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના પ્રાંત અધિકારી શ્રી. રામનિવાસ બુગલીયા તથા ઉચ્ચ અધિકારીઓએ દૂધસાગર ડેરી અને સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમ્યાન મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના M.D. શ્રી. ધીરજકુમાર પણ હાજર રહ્યા હતા.

સમી સાંજની આ મુલાકાત દરમ્યાન કલેક્ટરશ્રીએ અશોકભાઈ ચૌધરી સાથે માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યુટ ની મુલાકાત લીધી હતી તથા “દેશના વિકાસમાં દૂધસાગરનું પ્રદાન” અંગે હળવાશની પળોમાં વિચારોનું આદાન-પ્રદાન થયું હતું.

# દૂધસાગરની સફળતા



દૂધસાગર ડેરી સંચાલિત સેક્સ્ડ સીમેનથી તંદુરસ્ત પશુ ઓલાદ પ્રાપ્ત થવામાં આપણને અદભૂત સફળતાઓ મળી રહી છે. આંકવી ગામના દૂધ ઉત્પાદક શ્રી.પટેલ મણીલાલ કેવળદાસ ના ઘરે તેમની ભેંસ કડી નં.૧૦૨૧૭૩૩૪૭૮૨૩ ને સેક્સ્ડ સીમેનથી જન્મેલી પાડી કડી નં.૩૪૦૧૪૭૧૩૩૭૧૩ તારીખ ૦૪/૦૮/૨૦૨૧ ના રોજ અવતરણ લેવા પામી છે. નિષ્ણાત ડૉક્ટરોના મંતવ્ય અનુસાર ૪૫ દિવસની ઉંમરે આ પાડીનો ઉત્તમ વિકાસ થવા પામ્યો છે. આવો આપણે પણ ફાયદાકારક પશુપાલન માટે સેક્સ્ડ સીમેનથી બીજદાન કરાવીએ

(અહેવાલ અને ફોટો : દુધસાગર પત્રિકા)

## ભારત સરકારના રક્ષામંત્રાલય સાથે દૂધસાગરની મુલાકાત



(અહેવાલ અને ફોટો : દુધસાગર પત્રિકા)

ગત ૨૨ ઓક્ટોમ્બરના રોજ ભારત સરકારના રક્ષામંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી શ્રી.સતીશસિંહ તથા બ્રિગેડિયર પી.કે શર્મા અને કેપ્ટન રવીન્દ્રસિંહ તથા IITE ના વાઈસ ચાન્સેલર સાથે ગાંધીનગરમાં દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી, સંસ્થાના M.D શ્રી.ધીરજકુમાર ચૌધરી, બનાસ ડેરીના ડિરેક્ટર શ્રી.પી.જે ચૌધરી તથા બનાસ ડેરીના M.D શ્રી સંગ્રામસિંહ ચૌધરી તથા દૂધસાગર અને બનાસડેરીના ઉચ્ચ અધિકારીઓ સાથે પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીના NEW INDIA VISION અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

દેશની સૈન્ય શક્તિમાં ઉત્તર ગુજરાતના આ બે દૂધસંઘો (૧)દૂધસાગર ડેરી અને (૨) બનાસ ડેરી શું પ્રદાન આપી શકે? તે અંગેના બન્ને પક્ષે વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. આ બન્ને દૂધસંઘો સાથે પશુપાલન અને ખેતી કરતા ધરતી પુત્રો સીધા જોડાયેલા હોઈ તેમના શરીર સૌષ્ઠવ અને કદકાંઠીનો ભારતીય સેનામાં લાભ લઈ શકાય તે દિશામાં આગળ વધવાની રૂપરેખા ઘડવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ભારતના પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈની સીધી નજર હેઠળ આ મુલાકાતોનો દૌર આગળ વધી રહ્યો છે.

## “માનેસર અને ધારૂહેડાના દૂધસંઘના અધિકારીઓ મંડળીના દ્વારે”




(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

મહેસાણાની દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતી દૂધમંડળીઓ ઉપર અહીંના સ્થાનિક ઉચ્ચ અધિકારીઓની ટેન્કરમાં બેસીને લીધેલી મુલાકાતની અપાર સફળતાને પગલે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના M.D શ્રી. ધીરજ કુમાર અને પ્રવિણભાઈ ભાંબી ની સૂચના અનુસાર અને તેમના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં દૂધમાનસાગર ડેરી તથા દૂધ મોતીસાગર ડેરીના હરીયાણા અને ઉત્તર પ્રદેશ સ્થિત પ્લાન્ટોના ઉચ્ચ અધિકારીઓએ ત્યાંની સ્થાનિક દૂધમંડળીઓની રૂબરૂ મુલાકાત લઈ સ્થાનિક કક્ષાએ દૂધ ઉત્પાદકો તથા મંડળીઓ ની સ્વચ્છતા અને માગણીઓને જાણવાનો પ્રયાસ કરી રીપોર્ટ તૈયાર કરી M.D શ્રી ને સુપ્રત કર્યો હતો. MCC’s પોગ્રામના નેજા હેઠળ ઉત્તર પ્રદેશ અને હરિયાણાની તમામ સમીતીઓ પર શ્રી.નરેન્દ્ર ચૌધરી, તમામ ગ્રુપ હેડ, MCC ઈન્ચાર્જ અને તમામ સુપરવાઈઝરોએ આ તબક્કે કર્તવ્ય નિષ્ઠતા નિભાવી હતી.

## દૂધસાગરમાં મહાત્મા ગાંધીને અશોકભાઈ ના આગ્રહથી પ્રથમ સુતરની આંટી સફાઈ કામદારોએ પહેરાવી





(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

ગત બીજી ઓક્ટોમ્બરના રોજ “ગાંધી જયંતી” નિમિત્તે દૂધસાગર ડેરીના પ્રાંગણમાં વિશ્વના યુગપુરુષ અને ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મદિવસ નિમિત્તે મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીએ એક નવો ચીલો ચાતરતાં આ સંસ્થામાં કામ કરતા સફાઈ કામદાર એવા શ્રી. ગોવાભાઈ મહેશભાઈ વાલ્મિકી (પાટણ) તથા નરેશભાઈ વિઠ્ઠલભાઈ વાલ્મિકી (દઢિયાળ) ના સ્વહસ્તે ગાંધી બાપુના સ્ટેચ્યુને સૂતરની આંટી પહેરાવવાનો પ્રથમ હક છે તેમ કહી તેમના હાથે શ્રધ્ધાજલિ અર્પણ કરાવવાનો આગ્રહ રાખી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. સફાઈ કામદારોના બાદ સંસ્થાના ચેરમેનશ્રીએ પોતાની બાપુ પ્રત્યેની ભાવાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ, કર્મચારીઓની શાખ અને પૂરવઠા મંડળી (સહયોગ) ના ચેરમેન શ્રી.ફાલ્ગુનભાઈ, સેવાદળ સાથે જોડાયેલા વડીલશ્રી. પ્રભુરામ ચૌધરી અને દૂધસાગરના સિક્યુરીટી ગાર્ડના કર્મચારીઓએ રાષ્ટ્રપિતાને પોતાની અંજલિ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત દૂધસાગર ડેરીના સફાઈ કામદારોએ પોતાના મોબાઈલ પર “વૈષ્ણવ જન તો તેને કહીએ ...” ની ધૂન વગાડી વાતાવરણમાં ગાંધી પવિત્રતાની સુવાસ ફેલાવી હતી.

ઉલ્લેખનીય છે કે ; છેલ્લા ૧૮ વર્ષથી સ્વ.મોતીભાઈ ચૌધરી ના સમયથી દૂધસાગર ગાંધી જ્યંતિના દિવસે “રેગ ટેગ ડે” તરીકે આ દિવસની ઉજવણી કરે છે. જે અંતર્ગત દૂધ સાગર ડેરી સાથે સંકળાયેલી તમામ દૂર-સુદૂર ની દૂધ મંડળીઓમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે છે. આ પ્રવૃતિને વેગ આપવા દૂધ સાગર ડેરી મંડળીઓને આર્થિક પ્રોત્સાહન પણ પૂરુ પાડે છે. સુષુપ્ત અવસ્થામાં આવેલ આ પ્રવૃતિને વેગવંત બનાવવા આ વર્ષે નવા નેતૃત્વએ સી.એસ વિભાગને વિશેષ કાર્યભાર સોંપ્યો હતો.

## ગુજરાત રાજ્યની બહાર પ્લાન્ટ સ્થાપવાનું પ્રથમ સાહસ તો દૂધસાગર પાસે જ હતું : પ્રવિણભાઈ ભાંબી



આ લેખ આપનાર શ્રી. પ્રવિણ કુમાર બી. ભાંબી એ ડેરી ટેકનોલોજી નો અભ્યાસ કરેલો છે. દૂધસાગરમાં છેલ્લા ૩૫ વર્ષથી બહોળો અનુભવ ધરાવનાર આ અધિકારી શ્રી દૂધસાગર તરફથી ઈરમા મેનેજમેન્ટ (PGDRM) નો વિશેષ અભ્યાસ કરી ચૂક્યા છે. આમ, તો પ્રવિણ કુમાર ભાંબી દૂધસાગરના તમામ વિભાગોનો આ કારકિર્દી દરમ્યાન અનુભવ ધરાવે છે. હાલમાં, તેઓ દૂધસાગરના ED તરીકે સેવાઓ આપી રહ્યા છે.

(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

આજે આપણી ડેરીના લાખો વાંચકો ધરાવતા મુખપત્રમાં મારે મારા અનુભવો મૂકવાનો આગ્રહ થયો છે ત્યારે, મારે જણાવવું જોઈએ કે હું ૧૯૮૬ થી મોતીબાપુ ચેરમેન હતા ત્યારથી આ સંસ્થાના તમામ સંઘર્ષો અને સફળતાઓથી પરિચીત છું. દૂધસાગરના તે વખતના MD સ્વ.શ્રી.માધુભાઈ અને ચેરમેનશ્રી.મોતીભાઈ ની કડક શિસ્ત અને કર્મચારીઓ પ્રત્યેનો વિશ્વાસ આ ડેરીને સફળતાની બૂલંદીઓ સુધી લઈ ગયો છે. આપણી દૂધસાગર વર્ષ ૧૯૮૬ થી વર્ષ ૨૦૧૧ સુધી ગુજરાતના બધા દૂધ સંઘોમાં પ્રથમ રહેવાનું મુખ્ય કારણ આ જ હતું. ૧૯૪૭ માં “ખેડા યુનિયન”ની શરૂઆત થઈ અને સરદાર પટેલ તેમજ મોરારજી ભાઈ દેસાઈ જેવા દિગ્ગજો થી શરૂ થયેલ આ યુનિયન ડૉ.કુરીયન અને સ્વ.ત્રિભોવનભાઈ પટેલ જેવા મહાન વ્યકિતઓના પ્રયાસથી “અમૂલ” માં પરિવર્તન પામી. પરંતુ દાયકાઓ સુધી અમૂલ પરિવારમાં દૂધસાગર ડેરીનું નામ અને પ્રદાન સૌથી અલગ રહ્યા! સમગ્ર એશિયા ખંડ માં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનારી આપણી ડેરી એક જમાનામાં સૌથી વધુ દૂધ સંપાદન કરવામાં સફળતાના ગૌરી શિખરે બિરાજમાન હતી. ગુજરાતના ૧૮ દૂધ સંઘોમાં પોતાના કાર્યક્ષેત્રની બહાર બીજા રાજ્યમાં દૂધના પ્લાન્ટ સ્થાપી અમૂલ પ્રોડક્ટ તૈયાર કરનારી દૂધસાગર સૌ પ્રથમ સંસ્થા હતી. ઈ.સ.૨૦૦૩ માં સ્વ.મોતીભાઈ ચૌધરીના અથાગ પ્રયત્નોથી સૌ પ્રથમવાર આપણે ગુજરાત રાજ્યની બહાર પ્લાન્ટ સ્થાપી સૌને આપણી સાહસવૃતિ ના દર્શન કરાવ્યા હતા. ફેડરેશનની નામના ઉભી કરવામાં દૂધના પાઉચનું વેચાણ કરવાનો નિર્ણય સૌથી શ્રેષ્ઠ હતો અને આ નિર્ણયને પરિપૂર્ણ કરવામાં દૂધસાગરનો સિંહ ફાળો રહ્યો છે. હાલમાં, દૂધસાગરને નવી દિશા આપવાના અથાગ પ્રયત્નો કરતા ચેરમેનશ્રી સહિત નિયામક મંડળના તમામ સભ્યો જ્યારે દૂધસાગરને દૈનિક ૫૦ લાખ લિટર દૂધની આવકની ક્ષમતા સુધી લઈ જવા માગે છે ત્યારે, અમારી ટીમ પણ દૂધના આ વિશાળ જથ્થાનું સુનિયોજીત પ્રોડક્શન થાય તે માટે ભવિષ્યને લક્ષમાં રાખી અત્યારથી જ સૂસજ્જ બન્યા છીએ. આ અંગે અમૂલ ફેડરેશન સાથે અવાર-નવાર બેઠકોનો દોર ચાલી રહ્યો છે. નવા મેનેજમેન્ટના આગમનથી દૂધસાગરમાં હાલમાં જે ઉત્સાહ, ઉમંગ અને સાહસ નો સંગમ થયો છે. તેમાં, દૂધસાગરના તમામ કર્મચારીઓ પણ પશુપાલકોના હિત માટે શરૂ થયેલ આ યજ્ઞમાં પોતાની કર્તવ્યનિષ્ઠાથી ફરજ બજાવી આહુતી આપવા થનગની રહ્યા છે. મને વિશ્વાસ છે કે ; મેનેજમેન્ટનું દિશા સૂચન - અધિકારી વર્ગનો ભવિષ્યલક્ષી દ્રષ્ટિકોણ અને કોટી-કોટી કર્મચારીઓના શ્રમયજ્ઞથી આપણે ટૂંકા જ ભવિષ્યમાં સ્વ.મોતીભાઈ સમયની દૂધસાગર ડેરીની જાહોજલાલી પરત લાવી શકીશું. આજના તબક્કે આ સંસ્થા સાથે જોડાયેલા લાખો પશુપાલકો જે વિશ્વાસથી દૂધસાગર ડેરી તરફ જોઈ રહ્યા છે એ વિશ્વાસ પરિપૂર્ણ થાય તેવા તમામ લક્ષણો હાલ તો દૂધસાગરની આબોહવામાં દેખાઈ રહ્યા છે.

# સ્વસ્થ પશુ : સમૃધ્ધ પશુપાલક

(ભાગ : ૧)

## કરો આ દેશી ઉપચાર ...ગાય ભેંસ ની તબિયત રહેશે ખુશહાલ



(અહેવાલ : દૂધ સાગર પત્રિકા)

ગત દિવસોમાં મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ સાથે જોડાયેલા લાખો પશુપાલકો અને "દૂધસાગર પત્રિકા "ના હજારો વાંચકો પૈકી કેટલાક જાગૃત પશુપાલકોના મંતવ્યો અમને પ્રાપ્ત થયા છે. દૂધ સાગર પત્રિકાનો લાભ છેવાડામાં બેઠેલા પશુપાલકોને મળી રહે તે અનુસંધાન ના સત્ય સભર લેખ લખવાનો અમારી પાસે આગ્રહ રખાયો છે ત્યારે, આ અંકથી અમો પશુપાલકો ઓછા ખર્ચે - સીધી મદદ મળી રહે તેવા નિષ્ણાંતોની સલાહ મૂજબના લેખ આપસુધી પહોંચતા કરવાનું આજથી શરૂ કરી રહ્યા છીએ. જેમાં પશુઓનું સ્વાસ્થ્ય, પશુઓની ઓળખ, ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન વગેરે વગેરે જેવા અનુભવી નિષ્ણાંતોના માર્ગદર્શન મુજબ લેખ આપવા માટે કટીબધ્ધ અને વચન બધ્ધ છીએ... તો શરૂ કરીએ આજથી એક નવી શબ્દ યાત્રા જે દૂધસાગરના પ્રાણદાતા એવા પશુપાલકને સીધી મદદ કરી શકે.



### બાવલાનો સોજો / ગળિયો (મસ્ટાઈટીસ)

**સામગ્રી :**

(૧) કુંવરપાઠું : ૨૫૦ ગ્રામ (૨) હળદર : ૫૦ ગ્રામ (મુળ અથવા પાવડર) (૩) ચૂનો : ૧૫ ગ્રામ (૪) લીંબુ : ૨ નંગ (૫) એક ખોબા જેટલા કડવા લીમડાના પાન (તાવ હોય તો આપવા) (૬) ખાવાનું તેલ

**બનાવવાની રીત :**

(૧) આખે આખા કુંવરપાઠાના પાનના ટુકડા કરી મિક્ષરમાં નાખી બરાબર કુચા રહે નહી તેમ મિક્ષ કરો. (૨) તેમાં, હળદર અને ચૂનો નાખી મિક્ષ કરી મલમ બનાવો. મલમ લાલ રંગનો બનશે તેને અલગ વાસણ કે ડબામાં ભરી લો.

**ઉપયોગ કરવાની રીત :**

(૧) સૌ પ્રથમ બધા આંચળમાંથી દૂધ દોહી લેવું (૨) એક મુઠ્ઠી મલમમાં ૧૦૦ મિ.લી પાણી નાખી પાતળું મિશ્રણ બનાવો (૩) બાવલાને ધોઈને સાફ કરો અને બનાવેલ મિશ્રણ ને આખા બાવલા ઉપર ઘસીને માલીશ કરો. (૪) આવી રીતે દર બે કલાકે બધા આંચળમાંથી દૂધ દોહી બાવલા ઉપર માલીશ દિવસમાં ૧૦ વાર એમ પાંચ દિવસ કરવી. (૫) પશુને ત્રણ દિવસ દરરોજ ૨ લીંબુ ખવડાવો. (૬) રાત્રે છેલ્લે સૂતા પહેલાં મુઠ્ઠી મલમમાં પાણીને બદલે તેલવાળું પાતળું મિશ્રણ બાવલા ઉપર ઘસીને લગાડો.

**નોંધ :**

જો દૂધમાં લોહી આવતું હોય તો ઉપર પ્રમાણેની પ્રક્રિયા ઉપરાંત ૨ મુઠ્ઠી લીમડાના પાન અને ગોળ મિક્ષ કરી જ્યાં સુધી લોહી બંધ ના થાય ત્યાં સુધી દિવસમાં બે વાર ખવડાવો.

### આંચળનું મૂઢીયું બંધ થવું / કણી પડવી

**સામગ્રી :**

લીમડાના પાંદડાની તાજી લીલી સળી, હળદર, માખણ અથવા ઘી

**બનાવવાની રીત :**

(૧) આંચળની લંબાઈ જેટલી લીમડાની સળી કાતરથી કાપવી ઉપર રેસા ના રહે તેમ (૨) સળી ઉપર હળદર અને માખણ/ઘી નો મલમ લગાડો.

**ઉપયોગ કરવાની રીત :**

(૧) આંચળ દોહ્યા પછી મલમ લગાવેલ સળીને ઘડિયાળ કાંટાની ઉંધી દિશામાં (સ્ક્રુ ફેરવો તેમ) ફેરવતાં ફેરવતાં આંચળમાં જવા દો (સળીનું મૂઢીયું બહાર રહે તેમ). સળી ફરી વાર દેવાનું થાય ત્યાં સુધી આંચળમાં રહેવા દો.

(૨) સવાર-સાંજ દોહ્યા પછી નવી તાજી સળી ઉપર પ્રમાણે આંચળમાં ચઢાવો. (૩) દરેક દોહન પછી નવી સળીનો ઉપયોગ કરવો.

**નોંધ :** આંચળમાં કણી પડ્યાના તાજા કેસમાં ખૂબ સારું પરિણામ મળે છે.

### આરહો / બાવલામાં પાણી ભરાઈ જવું

**સામગ્રી :**

(૧) તલ/સરસિયું/ખાવાનું તેલ-૩૦૦ મિલિ. (૨) હળદર - ૫૦ ગ્રામ (૩) લસણ - ૧૦ કળી

**બનાવવાની રીત :**

(૧) સૌ પ્રથમ ૧૦ કળી લસણ ને ખલમાં વાટીને (લસોટીને) ૩૦૦ મિ.લી. તેલમાં નાખી ચૂલા/સ્ટવ પર ઉકળવા દો (૨) આ મિશ્રણને ચૂલા/સ્ટવ પરથી ઉતારી તેમાં હળદર નાખો અને મિશ્ર કરો (૩) મિશ્રણને ઠંડું થવા દો.

**ઉપયોગ કરવાની રીત :**

(૧) બાવલામાં જ્યાં પાણી ભરાયું છે ત્યાં દિવસમાં ત્રણ થી ચાર વાર આંચળમાંથી દૂધ કાઢીને દબાણપૂર્વક આશરે ૨૦ મિનિટ માલીશ કરવી.

(૩) આ રીતે ત્રણ દિવસ માલીશ કરવી.

**નોંધ :**

બાવલામાં પાણી ભરાવવાથી આરહો છે કે ગળિયો ? થયો છે તે ચકાસી લેવું જરૂરી છે.

### પોક્સ / મસા / આંચળમાં વાઢિયા

**સામગ્રી :**

(૧) લસણ : ૫ કળી (૨) ડમરો/મરવો : ૧૦ પાન (૩) તુલસી : ૧૦ પાન (૪) કડવો લીમડો : ૧૦ પાન (૫) માખણ / ઘી : ૫૦ ગ્રામ (૬) હળદર : ૧૦ ગ્રામ (ચમચી) (૭) જીરૂ : ૨૫ ગ્રામ

**બનાવવાની રીત :**

(૧) જીરાને પાણીમાં ૧૫ મિનિટ પલાળો (૨) બધી સામગ્રીને મિક્ષરમાં મિક્ષ (લસોટીને) બારીક કરો. (૩) તેમાં માખણ / ઘી ભેળવી મલમ બનાવો.

**ઉપયોગ કરવાની રીત :**

(૧) પોક્સ / મસા / વાઢિયા મટી ના જાય ત્યાં સુધી શક્ય તેટલી વાર અસરગ્રસ્ત ભાગ ઉપર લગાવો. (૨) અસરગ્રસ્ત ભાગ સુકો કર્યા પછી મલમ લગાવવો.



વધુ દૂધસાગર પત્રિકાના આવતા અંકમાં



# પડકારોની પેલેપાર : સાગરથી મહાસાગર તરફ પ્રયાણ

લેખકશ્રીનો પરિચય - શ્રી. અશ્વિનકુમાર વી. ચૌધરી સહકારી ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રના ડેરી વ્યવસાયનો ૨૪ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. પોતાની કારકિર્દીની શરૂઆત તેમણે દૂધસાગર ડેરીથી કરી હતી. ત્યારબાદ, કચ્છની માહી ડેરી અને હાલમાં દૂધસાગરમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. બલ્કકુલર અને દૂધસાગરની વિવિધ યોજનાઓમાં સરકાર સાથે સંકલન કરી દૂધસાગરને આર્થિક ફાયદો અપાવવામાં તેમનો ખૂબ ફાળો રહ્યો છે. તેમનો આ લેખ તેમના અનુભવની યાત્રાનું પ્રતિબિંબ ઉભું કરે છે.



ઈ.સ. ૧૯૭૦ માં પ્રખ્યાત ફોટોગ્રાફર વી. એલિક્સન (ન્યૂઝીલેન્ડ) દ્વારા દૂધસાગર ડેરીની લેવાયેલી એક તસવીર ...

(અહેવાલ : દૂધ સાગર પત્રિકા)

દૂધસાગર એટલે ઉત્તર ગુજરાતના આર્થિક વિકાસનું એન્જિન ! લાખો પશુપાલકોના જીવનનું ચાલક અને નારીના આત્મસન્માનનું પ્રતિક ! સ્વ.માનસિંહભાઈએ વાવેલ બીજ આજે વટવૃક્ષ બની ધોમધખતા તડકામાં પણ છાંયડો બની છ લાખ પશુપાલકોને વિસામો આપી રહ્યું છે. પણ, સમયની સાથે મુશ્કેલીઓ અને પડકારો આવતા હોય છે. એશિયાની સૌથી મોટી ડેરી ગણાતી આપણી દૂધસાગર આપણી જ ભૂલો અને વહીવટીય શિથીલતા ને કારણે વિતેલા એક દશકમાં ઘણી પાછળ પડી ગઈ છે. પણ છતાંય આ સંસ્થાએ હજી સુધી પોતાનું ગૌરવ અને આત્મસન્માન ગુમાવ્યું નથી. રાત પછી દિવસ જરૂરથી ઉગતો હોય છે - અંધારા અને અજવાળાનો આ ખેલ માણસની સાથે દરેક સંસ્થા સાથે પણ ખેલાતો હોય છે !!


**છતાંય આ સંસ્થાએ હજી સુધી પોતાનું ગૌરવ અને આત્મસન્માન ગુમાવ્યું નથી. રાત પછી દિવસ જરૂરથી ઉગતો હોય છે - અંધારા અને અજવાળાનો આ ખેલ માણસની સાથે દરેક સંસ્થા સાથે પણ ખેલાતો હોય છે !!**

આજે ફરીથી, આપણી દૂધસાગરને નવા નેતૃત્વ હેઠળ હરીફાઈની ભૂખ જાગી છે. આપણા આત્મસન્માન અને ભૂતકાળની ગૌરવગાથાને ફરી ગાવાનું જનૂન ચડ્યું છે ! ત્યારે, પશુપાલકોના મનમાં એક પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે કે, શું આપણી દૂધસાગર ભૂતકાળની જાહોજલાલી પરત લાવી શકશે ? શું છે દૂધસાગરના આગામી સોપાનો અને સ્વપ્નાંઓ ? આપણી સંસ્થા સાથે કયા પડકારો ઉભા છે અને તેને મહાત કરવાના શું ઉપાયો છે ? તો ચાલો ... આજે કબૂતરના આંખ મિચામણાં બંધ કરી નક્કર હકીકતોનો સામનો કરીએ.

**પડકારો :** પશુપાલકો લક્ષી વહીવટીય સુધારાઓ કરવાની તાતી જરૂરીયાત છે, દૂધસાગરનું વર્તમાન સમયનું કરોડો રૂપિયાનું દેવું નાબૂદ કરવા ભારે જહેમત ઉઠાવવી પડે તેવી સ્થિતિ છે, ૬૦ વર્ષ જૂના પ્લાન્ટનું આધુનિકરણ કરવું અનિવાર્ય છે, દૂધ ઉત્પાદકોની પૂરક આવક વધારવી એ પણ સમયની માંગ છે અને દૂધ ઉત્પાદકોને સતત પોષણક્ષમ ભાવ અને ઉત્સાહ પ્રેરક ભાવ વધારો આપી વિતેલા દશ વર્ષનો અન્યાય અને રોષ શાંત કરવો પણ એટલો જ જરૂરી છે. આમ, દૂધસાગરના ચેરમેનશ્રી સહિત સમગ્ર નિયામક મંડળ અને કર્મચારીઓ સહિત વહિવટ તંત્રએ એક સાથે અનેક મોરચે લડવું પડે તેવી સ્થિતિ - પરિસ્થિતિ નું નિર્માણ થયું છે. ત્યારે આપણા સદભાગ્યે આપણું તંત્ર સજ્જ અને સક્ષમ બનવા ઉત્સાહીત બન્યું હોય તેવું સ્પષ્ટ વર્તાઈ રહ્યું છે.

૧૯૬૦ થી ૧૯૭૦ ના ગાળામાં દૂધસાગરના મુખ્ય પ્લાન્ટ અને મશીનરીની સ્થાપના કરવામાં આવી હતી. ૧૯૬૫ માં બનેલો પાવડર પ્લાન્ટ આપણી આન-બાન-શાન છે પણ હવે, સમયની સાથે ૫૫ વર્ષ પછી એનેય ઘડપણ આવ્યું છે. ૫૫ વર્ષમાં ટેક્નોલોજીમાં અનેક ફેરફારો થયા છે. સમયની માંગ અનુસાર આધુનિક મશીન દ્વારા દૂધના પાવડરનો ઉત્પાદન ખર્ચ હાલના ૧૪ થી ૧૫ રૂપિયા થી ઘટાડી પ્રતિકીલો ૯ થી ૧૦ રૂપિયા લઈ જઈ શકાય તેમ છે.

વિતેલા એક દશક દરમ્યાન દૂધસાગરના રખેવાળોએ કરેલા અણઘડ વહિવટને પરિણામે બિન ઉત્પાદક ખર્ચાઓ કરી કરોડોના દેવા માથે ખડકી દીધા છે. પરંતુ, તે સમયે મૂળ પ્લાન્ટ કે જેની મરામત અત્યંત જરૂરી હતી તે પ્રત્યે દુર્લક્ષ દાખવ્યું છે.



ઈ.સ. ૧૯૬૫ માં સ્થાપિત દૂધસાગરના પાવડર પ્લાન્ટની એક તસવીરી ઝલક

**સમયની માંગ અનુસાર આધુનિક મશીન દ્વારા દૂધના પાવડરનો ઉત્પાદન ખર્ચ હાલના ૧૪ થી ૧૫ રૂપિયા થી ઘટાડી પ્રતિકીલો ૯ થી ૧૦ રૂપિયા લઈ જઈ શકાય તેમ છે**

મહેસાણા સ્થિત દૂધસાગરનો મુખ્ય પ્લાન્ટ ૧૯૬૩ માં બનેલો છે અને આજે એની હાલત જર્જરિત થવા પામી છે. એક તરફ પાઉચ દૂધ પેકીંગ અને UHT પેકીંગની માંગ વધી રહી છે તો બીજી તરફ, પનીર પ્લાન્ટ અને ટેટ્રાપેકની જરૂરિયાત ઉભી થવા પામી છે. દૂધસાગરના વર્તમાન ચેરમેનશ્રી તથા નિયામક મંડળની ૫૦ લાખ લિટર પ્રતિદિન દૂધના જથ્થાનું લક્ષાંક પણ આપણી સમક્ષ ઉભું છે.

(અનુસંધાન આગળના પેજ ઉપર)

**(આગળના પેજથી શરૂ)** દૈનિક ૫૦ લાખ લિટર દૂધને હેન્ડલ કરવાની ક્ષમતા પણ આપણે મજબૂત કરવી પડશે. આગામી સમયમાં સમયાંતરે દેવું ઘટાડતા જવાની તથા દૂધ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવ આપવાની સાથે પ્લાન્ટના આધુનિકરણ નું અનિવાર્ય કામ પણ વર્તમાન શાસકો માટે એક મોટો પડકાર છે !



દૂધસાગરના બટર પ્લાન્ટની મુલાકાતે આવેલ કેન્દ્રના અગ્રણી શ્રી. સુબ્રહ્મણ્યમ પ્લાન્ટની કામગીરી નિહાળી રહ્યા છે. બાજુમાં શ્રી. વિજયકુમાર ત્રિવેદી, ડૉ.કુરિયન તથા શ્રી.મોતીભાઈ ચૌધરી નજરે પડે છે

**નવા આયામો :** સ્વપ્ન જોઈને એને સાકાર કરવા પ્રયત્ન કરીએ તો ભગવાન પણ મદદ કરે છે. વર્તમાન ચેરમેનશ્રીએ દૂધ ઉત્પાદકોને દિલથી ભાવનાત્મક અપીલ કરી હતી તેનો હાલમાં સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. આજે ગતવર્ષની સરખામણીએ ટૂંકા ગાળામાં જ આશરે ૪ લાખ લિટર જેટલો દૂધનો દૈનિક વધારો થવા પામ્યો છે તેની સામે સંસ્થાના ચેરમેન અને MD શ્રી ની દૂરંદેશી દ્રષ્ટી અને ફેડરેશન સાથેના સુમેળભર્યા સબંધો થકી મહેસાણા, કડી, ધારૂહેડા, અને માનેસરથી દૂધના વેચાણમાં અભૂતપૂર્વ વધારો થવાના એંધાણ વર્તાય છે. નવા બજારની દિશામાં પણ આગોતરા આયોજન થકી મંડાણ થઈ ચૂક્યા છે અને આપણે હિમાચલ અને હરિયાણામાં બે થર્ડ પાર્ટી પ્લાન્ટની સ્થાપના કરવાની દિશામાં આગળ વધી ચૂક્યા છીએ.




દૂધસાગરનું નવું લક્ષ્યાંક : હિમાચલ પ્રદેશ (હમીરપુરની એક પ્રતિકાત્મક તસવીર

દૂધસાગર એટલે ખાસ કરીને, મહેસાણી ભેંસના દૂધ માટે પ્રખ્યાત ! ભેંસનું દૂધ એ આપણી આગવી ઓળખ છે. પરંતુ, છેલ્લા દાયકામાં આ પેટર્ન બદલાઈ રહી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. હાલમાં, ૭૦ % દૂધ ગાયનું અને માત્ર ૩૦% દૂધ જ ભેંસનું આવે છે. બજારમાં ભેંસના દૂધની માંગ ઉત્તરોઉત્તર વધી રહી છે. આથી તેનું સંવર્ધન વધે એ માટે વર્તમાન સમયે દૂધસાગરના મેનેજમેન્ટે ભેંસ માટેની લોનનું આયોજન કર્યું છે. જેનો લાભ પશુપાલકો ભરપૂર પ્રમાણમાં ઉઠાવે અને આપણે ભેંસના દૂધની ખેતી ને વધુ સમૃધ્ધ કરીએ એ સર્વે માટે શુભ રહેશે તેવી અપીલ પણ અસ્થાને નહીં ગણાય.

વર્તમાન સમયે વહીવટીય સૂત્રો દ્વારા કરકસરયુક્ત આયોજન થકી દૂધ સંપાદન નો ખર્ચ નિયંત્રિત કરવામાં આપણને ભારે સફળતા મળી રહી છે. પારદર્શક ખરીદ પધ્ધતી અને રિવર્સ ઓક્સન થકી પશુદાણના કાચા માલની કિંમત નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડી શકાઈ છે અને ગુણવત્તામાં પણ કડક નિયંત્રણો ને પગલે ઉચ્ચ પરિણામો મળ્યા છે અને હાલમાં આપણો ઉત્પાદન ખર્ચ નીચો લાવવામાં વહિવટીય આંકડા સાક્ષી બન્યા છે. જેના પરિપાક રૂપે, ગત વર્ષ કરતાં ૪૦ % થી પણ વધુ સાગરદાણનું ઉત્પાદન અને વેચાણ થઈ રહ્યું છે જે અભૂતપુર્વ છે. GCMMF અને બનાસડેરી દ્વારા પણ આપણા સાગરદાણની ભારે માંગ આવી છે. જેને પૂર્ણ કરવા આપણી દૂધસાગર હાલમાં સક્ષમ છે. સાથે-સાથે આગામી સમયમાં કદાચ આપણી ક્ષમતાઓ કરતાં પણ વધારે સાગરદાણની ડિમાન્ડ ઉભી થાય તો એ માટે એક્સપાન્સન કરવાની આપણા તંત્રએ પૂર્વ તૈયારીઓ કરી લીધી છે.



મહેસાણા દૂધસાગર ડેરી સંચાલિત સાગરદાણ ફેક્ટરીની તાજેતરની એક ઝલક

આ સાથે ઘણા વર્ષોથી પશુ વિકાસ માટે જરૂરી મિનરલ મિક્ષર આપણે બહારથી ખરીદતા આવ્યા હતા પણ હવે, સરકારની સહાય થકી ટૂંક સમયમાં આપણે પોતાનો "મિનરલ મિક્ષર પ્લાન્ટ" સ્થાપવા જઈ રહ્યા છીએ. જેના પરિણામે, આગામી ભવિષ્યમાં આપણા પશુઓને ઉચ્ચ ગુણવત્તા યુક્ત મિનરલ વાજબી ભાવથી આપણે આપી દૂધની સમૃધ્ધિ તરફ આગળ વધી શકીશું.

**આ સાથે ઘણા વર્ષોથી પશુ વિકાસ માટે જરૂરી મિનરલ મિક્ષર આપણે બહારથી ખરીદતા આવ્યા હતા પણ હવે, સરકારની સહાય થકી ટૂંક સમયમાં આપણે પોતાનો "મિનરલ મિક્ષર પ્લાન્ટ" સ્થાપવા જઈ રહ્યા છીએ.**

હાલમાં, ડેરી દ્વારા કર્મચારીઓને સતત તાલીમ અને પ્રોત્સાહન દ્વારા તેમની કાર્યક્ષમતા અને ઈમાનદારીનો ભાવ પેદા કરવાનો તંત્ર દ્વારા ભરપૂર પ્રયાસ થઈ રહ્યો છે. દૂધ મંડળીઓના આધુનિકરણ અને મંડળીના પાકા મકાનો સંઘને અને સરકારની સહાયથી બની રહ્યા છે. ૬ વર્ષના લાંબા ગાળા પછી મેનેજમેન્ટની કૂનેહથી એક સાથે ૮૫ જેટલાં "બલ્ક કુલર" અને ૫૦૦ "એડલ્ટરેશન ટેસ્ટિંગ મશીન" કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થઈ ચૂક્યા છે. જેના પરિણામે દૂધની ગુણવત્તા અને વિશ્વસનીયતા મજબૂત બનશે. આના થકી, ચીલીંગ સેન્ટર પરનું ભારણ પણ ઘટાડી શકાશે. આગામી માર્ચ સુધીમાં ૧૦૦ % દૂધ મંડળીઓને અમૂલ AMCS પ્રોગ્રામમાં આવરી લેવામાં આવશે ઓનલાઈન આ પધ્ધતિથી પારદર્શકતા અને પશુપાલકોને તેમના હકના પૂરા નાણાં મળે તે નિશ્ચિંત બનશે !

પેટ્રોલ, ડિઝલ, વિજળી અને ગેસની વધતી જતી કિંમતો સામે ઉત્પાદન ખર્ચ કંન્ટ્રોલ કરવો એ આપણી સમક્ષ હિમાલય જેવો મોટો પડકાર છે. પરંતુ, આ દૂધનો મહાસાગર છે એમ હિંમત થોડી હારે ? વહીવટીય તંત્રનો કર્મચારીઓ પ્રત્યેનો વિશ્વાસ અને કામ કરવાની સ્વતંત્રતા, ટેકનીકલ સૂઝબુજ, અને દૂધસાગર પ્રત્યેનો માતૃપ્રેમ હાલમાં રેફ્રીજરેશન ખર્ચ અને માનેસર ખાતે બોઈલરના બળતણના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. મહેસાણા અને જગુદણ ખાતે બોઈલરમાં સ્ટીમ જનરેશન ખર્ચમાં ઘટાડો કરવા ટૂંક સમયમાં બાયોફ્યુઅલના ઉપયોગથી ૩૦% થી ૫૯% જેટલો ખર્ચ ઓછો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાવડર પ્લાન્ટમાં પણ વધારાના ખર્ચ સિવાય કર્મચારીઓની મહેનત અને સુઝબુજથી વધુ ઉત્પાદન મેળવી ખર્ચ ઘટાડી શકવામાં આપણને સફળતા મળી રહી છે. સંઘ અને મંડળીઓ પર વિજ ખર્ચનું ભારણ ઘટાડવા "ગ્રીનએનર્જી અભિયાન" થકી "સોલાર એનર્જી પ્લાન્ટ" સ્થાપવાનું આયોજન હાથ ધરાયું છે.

પ્રધાનમંત્રીનો અંગત પ્રેમ ધરાવતી "આપણી દૂધસાગર ડેરી" નજીકના ભવિષ્યમાં ગોબરમાંથી બાયોગેસ, ફર્ટીલાઈઝર પ્લાન્ટ, મધ ઉત્પાદન, સંરક્ષણ વિભાગમાં પશુપાલકોના દિકરા-દિકરીઓને રોજગારી મળી રહે તે દિશામાં આયોજનો થઈ રહ્યા છે. વર્તમાન કાળમાં ગામડાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, ડિજીટલ એજ્યુકેશન, SAP- અમૂલ-નાસ્કોમના સહકારથી આધુનિક શિક્ષણના વર્ગ પણ શરૂ થઈ રહ્યા છે. **છેલ્લે... "રણમહીં પડીયે તો રેતી પણ રસ્તા આપી દે- આતો મારી દૂધસાગર માં છે - એમ એના બાલુંડાઓને થોડા રસ્તે રઝડતા કરી દે ?"**

# દિપાવલી દિલથી ... થોડીક વાતો હૃદયથી !



## મહેસાણાની ભેંસનું દૂધ મહાક્રાંતિ લાવી શકે તેમ છે

### એક વાર્તાલાપ : સંસ્થાના MD શ્રી. ધીરજ કુમાર સાથે

શ્રી. ધીરજ કુમાર વર્તમાન સમયે છેલ્લા એક વર્ષથી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં પોતાની કર્તવ્યનિષ્ઠાથી દૂધસાગરમાં MD તરીકે સેવાઓ આપી રહ્યા છે. ડેરી ટેક્નોલોજીમાં B.Tech અને M.Tech ની પદવી ધરાવતા MD શ્રી છેલ્લા ૨૨ વર્ષથી અમૂલ પરિવાર સાથે જોડાયેલા છે. બે દશકાથી ઉપરનો તેમના અનુભવનો લાભ અત્યારે સુપેરે દૂધસાગર ડેરીને મળી રહ્યો છે. ત્યારે આવો : તેમની દ્રષ્ટિએ દૂધસાગર શું છે ? અને, શું હોવી જોઈએ ...એક વૈચારિક આપ - લે ભરેલો વાર્તાલાપ !

(અહેવાલ : દૂધ સાગર પત્રિકા)

**દૂધસાગર પત્રિકા :** સાહેબશ્રી, બે દાયકાથી ઉપરનો ડેરી ઉદ્યોગનો આપનો અનુભવ અને છેલ્લા એક વર્ષથી દૂધસાગર જેવી મહાન સંસ્થાના ઉચ્ચ અધિકારી પદે બેઠા છો ત્યારે ... ૭ લાખ પશુપાલકોને આપનો પહેલો સંદેશ શું હોઈ શકે ?

**M.D શ્રી :** આ ડેરીના એક વર્ષના અનુભવ અને અહીં ના સ્થાનિક ગામડાઓના પશુપાલકોની રૂબરૂ મુલાકાતથી એક વાત ચોક્કસ કહીં શકું, ઉત્તર ગુજરાતની ધરતીમાં હજી દૂધની શ્વેતક્રાંતિને વધુ સફળતાની ક્ષિતીજો આપવાની શક્તિ પડેલી છે. અહિંની ભેંસ એ તો વિશ્વ વિખ્યાત છે. મારા દ્રષ્ટિકોણથી અહીંના સ્થાનિક પશુપાલકો ભેંસ આધારિત દૂધ ઉત્પાદન ઉપર હજી વધુ ધ્યાન આપે તો આપણે ભેંસના દૂધ થકી અમૂલની પ્રોડક્ટને હજી વધુ ગુણવત્તાયુક્ત બનાવી શકીએ તેમ છીએ. ત્યારે, મારી પ્રથમ પ્રતિક્રિયા તો એ જ છે કે ; મહેસાણી ભેંસ એ ઉત્તર ગુજરાતનું ઘરેણું છે અને તેનો ભરપૂર સદઉપયોગ થવો જોઈએ ! અહીંની ભૌગોલિક પરિસ્થિતીને અનૂરૂપ વાતાવરણમાં મહેસાણી ભેંસ ઓછા ખર્ચે વધુ ગુણવત્તાયુક્ત દૂધ આપતી હોય ત્યારે ક્રમસે ક્રમ આ દૂધ સંઘ સાથે જોડાયેલા પશુપાલકોએ બીજા જીલ્લાઓની નકલ ન કરી પોતાની જ ધરતીની ઉત્તમ પેદાશ એવી મહેસાણી ભેંસને જ અપનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. પાડોશી ડેરી બનાસ હાલમાં મહેસાણી ભેંસના દૂધને વધારવાના પ્રયત્નો કરી રહી છે ત્યારે : "આપણા માટે તો મહેસાણી ભેંસ એ ઘર આંગણે આવેલી ગંગા ગણાય" દૂધસાગરના ચેરમેનશ્રી સહિત સમગ્ર નિયામક મંડળે ભેંસના દૂધને પ્રોત્સાહન આપવા હાલમાં જ "લોન યોજના " શરૂ કરી છે તેનો પણ પશુપાલકોએ ભરપૂર લાભ લેવો જોઈએ.

> **મહેસાણી ભેંસ એ ઉત્તર ગુજરાતનું ઘરેણું છે અને તેનો ભરપૂર સદઉપયોગ થવો જોઈએ !**
> **પાડોશી ડેરી બનાસ હાલમાં મહેસાણી ભેંસના દૂધને વધારવાના પ્રયત્નો કરી રહી છે ત્યારે :"આપણા માટે તો મહેસાણી ભેંસ એ ઘર આંગણે આવેલી ગંગા ગણાય"**

**દૂધસાગર પત્રિકા :** કેમ કે ; સાહેબ આપ ૨૦ વર્ષો કરતાં વધુ સમયથી અમૂલ સાથે જોડાયેલા છો ત્યારે કોવિડ મહામારીની અસર સમગ્ર ડેરી ઉદ્યોગના પરિપેક્ષમાં કેવી રીતે જોઈ રહ્યા છો ?

**M.D શ્રી :** આમ તો, ગુજરાત અને ભારત સરકારના સહયોગ તથા અમૂલના હકારાત્મક દ્રષ્ટિકોણથી આપણા રાજ્યના ફેડરેશન સાથે જોડાયેલા તમામ સંઘો અને પશુપાલકો ઉપર કોરોનાની કોઈ અવળી અસર આર્થિક દ્રષ્ટિકોણથી પડી નથી. આપણે એક પણ દિવસ MILK HOLIDAY રાખ્યો નથી. સમયસર ગામડાઓમાંથી દૂધ લાવી સમયસર તેનો ઉપયોગ કરી શક્યા છીએ. ગામડાના પશુપાલકોને સમયસર નાણાં પણ ચૂકવી શક્યા છીએ. ભારતનો ડેરી ઉદ્યોગ કોરોના મહામારીમાં પણ ગામડાંના અર્થતંત્રને જીવંત રાખવામાં ૧૦૦% સફળ રહ્યો છે. અને Team Amul ના એક સભ્ય હોવાના નાતે મને એનો અનહદ આનંદ છે. હા, કોરોના અગાઉ આ સંઘો દ્વારા ઉત્પાદિત તમામ ઉત્પાદનો જે મોટા પ્રસંગોને કારણે બલ્કમાં વેચાતા હતા તેની જગ્યાએ હવે કન્ઝ્યુમર પેક (વેલ્યુએડેટ પ્રોડક્ટસ્ ) ઉત્પાદનોનું વેચાણ વધવા પામ્યું છે. ત્યારે, દૂધસાગર ને પણ હવે "ટેટ્રા પેક" તરફ આગળ વધવું પડશે તેવું મારું માનવું છે.

**દૂધસાગર પત્રિકા :** સાહેબશ્રી, સમગ્ર વિશ્વનો પશુપાલન વ્યવસાય અત્યારે આધુનિક અને વૈજ્ઞાનિક પધ્ધતિથી આગળ વધી રહ્યો છે. ત્યારે, આ સંઘ સાથે જોડાયેલા પશુપાલકોને આપ શું સંદેશ આપવા માગશો ?

**M.D શ્રી :** સમગ્ર ગુજરાતમાં મહેસાણા દૂધસંઘ પાસે જ વર્તમાનમાં આધુનિક માં આધુનિક ટેક્નોલોજીથી કુત્રિમ બીજદાન માટે "સેક્સડ સિમેન" ટેક્નોલોજી ઉપલબ્ધ છે. આ ટેક્નોલોજીના કારણે ૯૦% પાડી કે વાછરડી આવવાની તમામ સંભાવનાઓ રહેલી છે. હાલ તો, દૂધસાગર સંઘ અને

> SAGAR X
> **મહેસાણા-પાટણ અને ગાંધીનગર સાથે ગુજરાતમાં આવેલા તમામ દૂધસંઘો સાથે જોડાયેલા આગેવાનો, અધિકારીઓ તથા પશુપાલકોને હું અપીલ કરું છું કે ; આ અત્યાધુનિક સેક્સડ સિમેન ટેક્નોલોજીનો લાભ લેવો જોઈએ**

ફેડરેશન આ સેક્સડ સિમેનના પ્રત્યેક ડોઝ ઉપર ભારે સબસીડી આપી રહ્યા છે. ત્યારે મહેસાણા-પાટણ અને ગાંધીનગર સાથે ગુજરાતમાં આવેલા તમામ દૂધસંઘો સાથે જોડાયેલા આગેવાનો, અધિકારીઓ તથા પશુપાલકોને હું અપીલ કરું છું કે ; આ અત્યાધુનિક ટેક્નોલોજીનો પશુપાલકોએ લાભ લેવો જોઈએ, જન્મેલી વાછરડી અઢી વર્ષમાં ભેંસ બની જતી હોય છે. વળી, આ ટેક્નોલોજીથી જન્મ પામેલું બચ્ચું અન્યોની સરખામણીમાં વધુ સ્વસ્થ અને તંદુરસ્ત હોવાના કારણે તેનું દૂધ ઉત્પાદન પણ અન્યો કરતાં વધુ આવવાની સંભાવના હોવાથી આ ટેક્નોલોજીને અપનાવી આપણે સૌએ સાથે મળી સમૃધ્ધ પશુપાલન તરફ આગળ વધવું જોઈએ.

**દૂધસાગર પત્રિકા :** દિપાવલી અને નૂતન વર્ષના આ મંગલમય દિવસોમાં સંસ્થા સાથે જોડાયેલા હજારો કર્મચારીઓ અને પશુપાલકોને ક્યા શબ્દોમાં શુભકામનાઓ પાઠવશો સાહેબ ?

**MD શ્રી :** (એક ભાવસભર સ્મિત સાથે ) જુઓ ... શ્રધ્ધેય લેખકશ્રી મણીભાઈ ગાંધી કહેતા હતા કે, ગુજરાત એ વિશ્વનું બીજું ડેન્માર્ક છે અને દૂધસાગર એ બીજું ન્યૂઝિલેન્ડ !! એક તરફ ખાનગી ડેરીઓ અને ખાનગી ઉદ્યોગો દૂધ અને દૂધની બનાવટો લઈ હરીફાઈ કરવા મીટ માંડી રહી છે ત્યારે, ગામડાંના લોકોને - ખાસ કરીને મહિલાઓને આત્મસન્માન આપતો આ સહકારી ડેરી ઉદ્યોગના ઉત્પાદનો પણ અન્યોની સામે ગુણવત્તા યુક્ત હોય છે. ડૉ.કુરિયનથી લઈ ત્રિભોવનભાઈ પટેલ અને આ ડેરીના સ્થાપક સ્વ.માનસિંહભાઈ પટેલ કે સ્વ.મોતીભાઈ ચૌધરીએ આપણને આપેલો આ અમૂલ્ય વારસો છે. ત્યારે, સંસ્થાના વહિવટદારો, કર્મચારીઓ અને પશુપાલકો સાથે મળી સૌનું હિત વિચારશે તો ગમે તેવા ઝંઝાવાતો સામે આપણે ટકી શકીશું સૌને દિપાવલી અને નવા વર્ષની શુભકામનાઓ.